રાજ્ય કરતાં જિલ્લામાં ઊલટી ગંગા

સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોના સંક્રમણ ઘટવાના બદલે વધવા લાગ્યું

સાબરકાંઠામાં દરરોજ ૧૦૦ થી વધુ કેસ, અરવલ્લીમાં ૧૫ થી વધુ કેસ

બાયડ, તા. ૨૯

રાજ્યમાં કોરોનાની ત્રીજી લહેરમાં સંક્રમણ ઘટતું હોવાનો સરકાર અને આરોગ્ય વિભાગે દાવો કર્યો છે પરંતુ રાજ્ય કરતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઊલટી ગંગા જોવા મળી રહી છે. બંને જિલ્લામાં સંક્રમણ ઘટવાના બદલે વધતું હોય તેવા આંકડા સામે આવ્યા છે. સાબરકાંઠામાં દરરોજ ૧૦૦ થી વધુ કેસ, અરવલ્લીમાં ૧૫ થી વધુ કેસ નોંધાઈ રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ડિસેમ્બરના અંતથી કોરોનાની ત્રીજી લહેર શરૂ થઈ હતી. સાબરકાંઠામાં ઓમિક્રોનનો પ્રથમ કેસ નોંધાયા પછી તંત્ર હરકતમાં આવ્યું હતું પરંતુ સાબરકાંઠા અને તેના પાટનગર હિંમતનગરમાં દરરોજ કોરોના વિસ્ફોટ જેવી સ્થિતિ જોવા મળે છે. સતત કોરોનાના કેસમાં ઉછાળો આવતાં આરોગ્યતંત્ર પણ ચિંતિત બની લાપરવાહ લોકો સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. રાજ્યમાં કોરોના સંક્રમણ ઘટતું હોવાનો દાવો છે અને ત્યાં આંકડાકીય દાવો સાચો હોય તો પણ રાજ્ય કરતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સ્થિતિ વધુ વિપરીત જણાઈ રહી છે. રાજ્યમાં કોરોના સંક્રમણ ઘટતું હોય ત્યારે બંને જિલ્લામાં સંક્રમણ વધતું હોવાના આંકડા ચોંકાવનારા છે. સાબરકાંઠામાં ગતરોજની સ્થિતિએ એક્ટિવ કેસ ૬૫૧, જ્યારે અરવલ્લીમાં એક્ટિવ કેસ ૧૦૬ હોવાનું આરોગ્ય વિભાગ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરાયું છે.

જિલ્લામાં પાછલા ૪ દિવસના સંક્રમિત કેસ...

તારીખ	સાબરકાંઠા	અરવલ્લી
તા.૨૭ જાન્યુ.	૧૦૫	૧૭
તા.૨૬ જાન્યુ.	૧૪૨	૧૧
તા.૨૫ જાન્યુ.	૧૫૯	૧૬
૨૪ જાન્યુ.	૪૫	૧૧

સાબરકાંઠામાં કોરોનાના નવા ૧૦૪ કેસ, ૧૫૮ દર્દી સાજા થયા

બાળકો અને યુવાનો વધુ પ્રમાણમાં સંક્રમિત

સાબરકાંઠામાં કોરોનાના નવા ૧૦૬ પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે રીકવરી રેટથી આરોગ્ય વિભાગે સંતોષ વ્યક્ત કર્યો છે. એક જ દિવસમાં ૧૫૮ દર્દી કોરોનાને હરાવવામાં સફળ રહ્યા છે. જિલ્લામાં બાળકો અને યુવાનોમાં કોરોનાનું સંક્રમણ વધતાં ચિંતાજનક સ્થિતિ ઉદભવી રહી છે. હવે શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં એક્ટિવ કેસમાં ઉછાળો આવી રહ્યો છે.

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ઘટતાં પ્રજાએ પણ રાહત અનુભવી છે પરંતુ જે રીતે લગ્નસરાના અવસરો અને અન્ય શુભ પ્રસંગોના કારણે મેળાવડા જેવી સ્થિતિ ઉભી થતાં ત્રીજી લહેરમાં કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બની ગયું છે. શુક્રવારે સાબરકાંઠાના ૮ તાલુકામાં નવા ૧૦૬ પોઝિટિવ કેસ નોંધાયા છે એ સાથે જિલ્લામાં એક્ટિવ કેસનો આંકડો ૫૯૯ ઉપર પહોંચ્યો છે. પરંતુ જે રીતે બાળકો અને યુવાનો સંક્રમિત થયાનું બહાર આવ્યું છે તેના કારણે ચિંતા વધી શકે છે. કારણ કે યુવાનો ઠેકઠેકાણે પરીભ્રમણ કરતા હોય છે જેથી શૈક્ષણિક સંકુલ અને કોલેજોમાં કોરોનાનું સંક્રમણ વિસ્ફોટક સ્થિતિ સર્જે તેવા અણસાર છે.

જિલ્લામાં એક્ટિવ કેસ...

તાલુકો	એક્ટિવ કેસ
હિંમતનગર	૨૬૩
પ્રાંતિજ	૪૪
ઈડર	૧૫૧
તલોદ	૨૧
વડાલી	૨૮
ખેડબ્રહ્મા	૮૦
પોશીના	૦૪
વિજયનગર	૦૮

પેટ્રોલિંગના બદલે ખાખી વર્દી ઉંઘતી ઝડપાઈ !!

બાયડની હરિપાર્ક સોસાયટીમાં ૧૦ ધાડપાડુઓનો આતંક

લોકો જાગી જતાં પથ્થરમારો કરી નાસી છૂટ્યા : ગંભીર બનાવ છતાં પોલીસ ઉંઘતી રહી, પરોઢે આવી રવાના થઈ

બાયડ, તા. ૨૯

બાયડની હરિપાર્ક સોસાયટીમાં રાત્રે આવેલા ૧૦ ધાડપાડુઓએ ૨ મકાનને નિશાન બનાવી લોકો જાગી જતાં પથ્થરમારો કરી ભાગી છૂટ્યા હતા. ધાડપાડુઓના આતંક સ્થળની નજીક જ ખાખી વર્દી ઉંઘતી જોવા મળી. બાયડ નગર ફરી અસલામત બનતાં નિષ્ક્રિય પોલીસ સ્ટાફ સામે દિવસ દરમ્યાન પ્રચંડ આક્રોશ જોવા મળ્યો. રાત્રે પોલીસ સ્ટેશને ધાડપાડુ આંતક ગેંગ અંગે વારંવાર ફોન કરવા છતાં ફરજ પરના પી.એસ.ઓ.એ ફોન ઉપાડ્યો ન હોવાનો ગંભીર આરોપ થઈ રહ્યો છે.

બાયડ પોલીસ સ્ટેશનની હદમાં ૧૦ થી વધુ તસ્કરીના બનાવ છતાં બહાદુર પોલીસે તસ્કરીના એક પણ ગુનાનો ભેદ ઉકેલ્યો નથી અને રાત્રે પેટ્રોલિંગ સઘન બનાવવાના બદલે ઠંડીમાં તસ્કરો બિંદાસ બાયડને ઘમરોળે તે માટે ટૂંટીયુંવાળી પોલીસ સૂઈ જતાં પ્રજાની માલ મિલ્કત અસલામત બની છે. ગતરાત્રે બાયડ ગામમાં આવેલી હરિપાર્ક સોસાયટીમાં ધાડપાડુ ગેંગ પરેશભાઈ બારોટના મકાનમાં ત્રાટકી કેટલીક મત્તા ઉસેડી નજીકમાં રમણભાઈ ભરવાડના ઘરમાં ધાડ પાડવા જતાં કેટલાક લોકો જાગી ગયા જેથી ધાડપાડુ ગેંગ દ્વારા પથ્થરમારો કરી આતંક મચાવતાં ભયનો માહોલ વ્યાપ્યો હતો. હરિપાર્ક સોસાયટીમાં ખુંખાર ધાડપાડુ ગેંગ આવ્યાનું સોસાયટીના રહીશોને એક પછી એક મોબાઈલ દ્વારા જણાવતાં તમામ લોકો જાગી ગયા પરંતુ ભારે પથ્થરમારાના કારણે કોઈએ બહાર નિકળવાની હિંમત દાખવી ન હતી. લોકો જાગી જતાં ધાડપાડુ ગેંગ પલાયન થઈ ગઈ હતી.

ધાડપાડુઓ સરકસમાં કામ કરતા હોવાનુ અનુમાન

બાયડની હરિપાર્ક સોસાયટીમાં ખુંખાર ધાડપાડુઓ આતંક મચાવતા ભય વ્યાપ્યો છે. જ્યારે ધાડપાડુઓને નજરે નિહાળનારા લોકોએ જણાવ્યુ કે ધાડપાડુ ગેંગના સાગરીતો જે રીતે ઉછળકૂદ કરી પથ્થરમારો કર્યો તે જોતાં સરકસમાં કામ કરતાં હોય તેવું લાગ્યાનું જણાવ્યું છે.

બાયડ પોલીસ સ્ટેશનના તમામ સ્ટાફની બદલી કરો

બાયડ પોલીસ સ્ટેશનમાં વર્ષોથી ચીટકી રહેલો સ્ટાફ નિષ્ક્રીય થઈ ગયો છે. મહિલા પોલીસ કર્મીઓ પણ ફોન ઉપર કોઈ અરજદાર વાત કરે તો ઉદ્ધત જવાબ આપવાની સાથે ફોન મુકી દે છે. હવે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચિંથરેહાલ છે ત્યારે પી.આઈ., પી.એસ.આઈ., સહીત તમામ નિષ્ક્રીય સ્ટાફની બદલી કરવાની અનેક લોકોએ માંગ કરી છે.

બાયડ ટાઉનનો ભ્રષ્ટ પોલીસ સ્ટાફ સામે જન આંદોલનના ભણકારા

બાયડ ટાઉનના ભ્રષ્ટ પોલીસ સ્ટાફ સામે સતત આક્રોશ વધી રહ્યો છે. આરોપીઓ સાથે ભળી જવાના ગંભીર આરોપ લાગેલા છે છતાં પોલીસવડા તથા પી.આઈ., પી.એસ.આઈ. બાયડ ટાઉનના નગર પોલીસ સ્ટાફને કેમ છાવરી રહ્યા છે તે પ્રજાને સમજાતું નથી. ગત રાત્રે ધાડપાડુ ગેંગ ત્રાટકી છતાં ૫ કલાક પછી પોલીસ બનાવ સ્થળે પહોંચી અને લગ્નમાં મહાલવા આવ્યા હોય તેમ દેખાડો કરી પલાયન થઈ ગયા હતા. જેથી સ્ટાફ નહીં બદલાય તો જન આંદોલનના ભણકારા સર્જાઈ રહ્યા છે.

પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ઉપર લાગ્યા ગંભીર આરોપ

શામપુર-દાવલીના ડુંગર ઉપર લીઝ મંજૂર થતાં પ્રજાની મિલ્કતને નુકસાન : પ્રચંડ વેગન બ્લાસ્ટથી મકાનોમાં તિરાડ પડી

બાયડ, તા. ૨૯

મોડાસા તાલુકાની દાવલી ગ્રામ પંચાયતના સીમાડામાં આવેલ શામપુર-દાવલીના ડુંગર ઉપર નિયમ ભંગ કરીને ફાળવવામાં આવેલી લીઝમાં ખોદકામ શરૂ થતાં પ્રદૂષણ વધ્યું છે. તાજેતરમાં પ્રચંડ વેગન બ્લાસ્ટથી મકાનોમાં તિરાડ પડયાનો સ્થાનિકોએ આક્ષેપ કરી માનવ વસતીથી ૫૦૦ મીટર અંતરમાં લીઝ મંજુર કરી શકાય તેમ ન હોવા છતાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ નિયમો નેવે મૂકી લીઝ ધારકને મદદ કર્યાના પણ આરોપ લાગ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર દાવલી ગ્રામ પંચાયતની હદમાં ડુંગરની તળેટીમાં રમેશસિંહ ખાતસિંહ ચૌહાણ તથા ભીખુસિંહ ખુમાનસિંહ ચૌહાણ ખનિજ ક્વોરી કરાવે છે જેમાં રાત-દિવસ ખનિજનું મોટાપાયે ખનન કરવા બ્લાસ્ટ થાય છે જેના કારણે ગ્રામજનોનો આરોપ છે કે બ્લાસ્ટના કારણે મકાનોમાં તિરાડ પડવાની સાથે ખેતરમાંના બોરકુવાનો જળસ્ત્રોત અદ્રય થઈ રહ્યા છે. જ્યારે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સમક્ષ પણ ડુંગર ઉપરની ક્વોરી લીઝના કારણે વધતા પ્રદૂષણ અંગે લેખિત અને મૌખિક રજૂઆત છતાં પણ કોઈ કાર્યવાહી થતી નથી. જ્યારે વારંવારના વેગન બ્લાસ્ટના કારણે આસપાસના મકાનો ઉપરાંત નજીકમાં આવેલા મંદિર અને તળેટીઓને નુકસાન થઈ રહ્યું છે. ગ્રામજનોનો આરોપ છે કે શામપુર ગામને અડીને આવેલ ક્વોરીના કારણે સતત નુકસાની વધી રહી છે.

ગુજરાત સરકારના પ્રદૂષણ કંટ્રોલ બોર્ડના નિયમાનુસાર ૫૦૦ મીટરના અંદરમાં ઐતિહાસિક સ્થળ મંદિર, ગામ અને રહેણાંક વિસ્તાર હોય તો ખોદકામ ન કરી શકાય તો ક્વોરી લીઝ ધારકોને ઈસી સર્ટી કેવી રીતે મળ્યું..?? ઈસી સર્ટી લીઝ સત્તાનો દુરુપયોગ કરી તંત્રને અંધારામાં રાખીને લેવામાં આવ્યો છે અને આ અંગે ફરીથી યોગ્ય તપાસ કરી સ્થાનિક પંચાયત અને લોકોના અભિપ્રાય લેવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે.

લીઝ અંગે માહિતી માંગવામાં આવી...

શામપુર ગામના શિવસિંહ માનસિંહ ચૌહાણે દાવલી પંચાયત વિસ્તારમાં આવેલ ડુંગરની તળેટીમાં પથ્થર માટેની લીઝ આપવામાં આવી છે તે માટે માહિતી અધિકાર હેઠળ માહિતી માંગતાં તંત્ર હરકતમાં આવ્યાનું જાણવા મળ્યું છે.

તંત્રને એર પોલ્યુશન દેખાતું નથી...

શામપુર ગામના આકાશ વ્યાસે જણાવ્યું કે ડુંગરની તળેટીમાં ગેરકાયદે રીતે લીઝ મંજૂર કરવામાં આવી છે અને તેમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની હિંમતનગર કચેરીની મીલીભગત સામે પણ સવાલ ઉઠાવ્યા છે. દરરોજ ક્વોરીના કારણે ઉડતી ડસ્ટના કારણે પ્રજાનું આરોગ્ય જોખમાયું છે અને ખેતીને નુકસાન થઈ રહ્યાનો પણ આરોપ લગાવ્યો છે.

અખાદ્ય ગોળનો દેશી દારૂ બનાવવા ઉપયોગ

ભિલોડામાં રાત્રે ૨.૫૧ લાખનો અખાદ્ય ગોળ ભરેલી ટ્રક પોલીસે અટકાવી : જથ્થો ક્યાં લઈ જવાતો હતો તે રહસ્ય અકબંધ : પોલીસે માત્ર જાણવા જોગ નોંધ લીધી

બાયડ, તા. ૨૯

ભિલોડામાં રાત્રિના સમયે રૂ. ૨,૫૧,૫૨૦ની કિંમતના અખાદ્ય ગોળના જથ્થા સાથે પસાર થતી શંકાસ્પદ ટ્રકને પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન અટકાવી તપાસ શરૂ કરી છે. દેશી દારૂ બનાવવામાં ઉપયોગમાં લેવાતા અખાદ્ય ગોળનો જથ્થો ક્યાં લઈ જવાતો હતો તે રહસ્ય અકબંધ છે પરંતુ પોલીસે હાલ માત્ર જાણવા જોગ નોંધના આધારે કાર્યવાહી આરંભી છે.

ભિલોડા પોલીસની ટીમ તા. ૨૭ના રોજ રાત્રિ પેટ્રોલીંગમાં નિકળી હતી જે સમયે આકાર કોમ્પલેક્ષ પાસે શંકાસ્પદ હાલતમાં પસાર થતી પરપ્રાંતિય ટ્રક (ન. એચ.આર.૫૫-યુ-૮૫૪૪)ને થોભાવી તલાશી લીધી હતી જેમાં અખાદ્ય ગોળ ભરેલા કુલ-૩૯૩ બોક્સ મળી આવ્યા હતા જેથી પોલીસ દ્વારા ટ્રકને ડીટેઈન કરી પોલીસ સ્ટેશને લઈ જવામાં આવી હતી.

અખાદ્ય ગોળનો જથ્થો ટ્રકમાં ક્યાંથી ભરવામાં આવ્યો અને ક્યાં લઈ જવાતો હતો..?? તે તપાસ માટે પોલીસે ડ્રાઈવરની પૂછપરછ શરૂ કરી છે. જો કે શંકાસ્પદ હાલતમાં ટ્રક અટકાવી હોવાથી પોલીસ દ્વારા હાલ જાણવા જોગ નોંધ લઈ તપાસ શરૂ કરવામાં આવી છે.

એફ.એસ.એલ.ની તપાસ બાદ કાર્યવાહી : પી.આઈ.

ભિલોડામાં અખાદ્ય ગોળના જથ્થા સાથે પરપ્રાંતિય ટ્રકની પોલીસે અટકાયત કરી છે. ભિલોડા પી.આઈ., એમ.જી. વસાવાએ જણાવ્યું કે હાલ તો ટ્રકની પ્રાથમિક તપાસ ચાલી રહી છે પરંતુ ગોળના સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલી આપ્યા પછી જ આગળની કાર્યવાહી થશે.

ડીસાની કાંટ પાંજરાપોળમાંથી ત્રણ ઘેટાની ચોરી, કેમેરામાં કેદ

ડીસામાં કાંટ ગામે આવેલ પાંજરાપોળ હજારો અબોલ જીવો માટે આશ્રય સ્થાન બન્યું છે જ્યાં અનેક જીવોને અભયદાન સાથે નવું જીવન પણ મળી રહ્યું છે જોકે આ પાંજરાપોળ ખાતેથી અજાણ્યા તસ્કરો રાત્રીના સુમારે ત્રણ ઘેટા ચોરી ગયા હતા. આ મામલે પાંજરાપોળના કર્મચારીએ ડીસા તાલુકા પોલીસ મથકે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોધવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ ફરિયાદની વિગતો અનુસાર કાંટ પાંજરાપોળ ખાતે સેવાકીય પ્રવૃત્તિ કરતા અરવિંદકુમાર મણિલાલ શાહ ગત તારીખ ૨૬/૧/૨૧ ના રોજ પોતાના ઘરે હતા તે દરમિયાન પાંજરાપોળ ખાતે કામ કરતા રાજુભાઇ ઠક્કરનો તેમના ઉપર ફોન આવેલો કે પાંજરાપોળમાં ઘેટાની ચોરી થઈ છે જેથી અરવિંદભાઈ પાંજરાપોળ પહોંચ્યા હતા અને તપાસ કરતા જ્યાં ઘેટા રાખવામાં આવતા હતા ત્યાં પાછળ વાયર તૂટેલા પડયા હતા અને સી સી ટી વી ફૂટેજ ચેક કરતા રાત્રીના ૧૨ વાગ્યાના સુમારે ત્રણ ઈસમ વાયર કાપી અંદર ઘુસી આવેલા અને સીસીટીવી કેમેરાના વાયર કાપી નાખેલ પરંતુ ત્યાં સુધિના ફૂટેજ કેમેરા લમાં આવી ગયેલા અને ઘેટા ની ગણતરી કરતા ત્રણ ઘેટા ઓછા હોઈ તેની ચોરી થયાનું માલુમ પડતા આ મામલે અરવિંદભાઈ શાહે ડીસા તાલુકા પોલિસ મથકે ત્રણ ઘેટા (કિંમત ૩ હજાર) ની ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

મધદરિયે ફસાયેલા માછીમારોને બચાવવાના બદલે અપહરણ કર્યું

ગુજરાતને દરિયાનો ખુબ જ મોટો કિનારો મળ્યો છે. જેના કારણે રાજ્યનાં દરિયા કિનારાના લાખો લોકો માછીમાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે. માછીમારી કરવા માટે માછીમારો હંમેશા ભારતીય સીમા છે તેટલા વિસ્તારમાં માછીમારી કરતા હોય છે. જો કે પાડોશી પાકિસ્તાન વારંવાર આ માછીમારોનું બિનકાયદેસર રીતે અપહરણ પણ કરતું હોય છે. આવો જ વધારે એક કિસ્સો સામે આવ્યો છે જેમાં એજન્સી દ્વારા બોટ અને માછીમાર તમામનું અપહરણ કરી લીધું હતું. ઘટના અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ઓખઆ બંદરની તુલસી મૈયા નામની ઁદ્ર્ઢ ય્ત્ર ૧૧ સ્સ ૧૫૯૧ નામની બોટ ઓખાથી માછીમારી કરવા માટે રવાના થઈ હતી. આ બોટમાં સાત ખલાસીઓ હતા. જો કે બોટનું એન્જિન દરિયામાં ખરાબ થઈ જતા બોટ મધદરિયે ફસાઈ હતી. તેવામાં ૨૮ તારીખે પાકિસ્તાની એજન્સી દ્વારા ૭ ખલાસી સાથે બોટનું અપહરણ કરી લેવાયું હતું. મધદરિયે ફસાયેલી બોટની મદદ કરવાનાં બદલે પાકિસ્તાને પોતાની અવળચંડાઈ કરી હતી. બોટનું અપહરણ કરી લીધું હતું. આ બોટ માંગરોળનાં વત્સલ પ્રેમજીભાઈ થાપણીયાની છે. જે ઓખા ખાતે માછીમારી કરવા માટે ગઈ હતી. બપોર સુધી બોટ માલિક સાથે સંપર્કમાં હતી. જો કે અચાનક તે સંપર્કવિહોણી થઈ હતી. તે અગાઉ પાકિસ્તાની એજન્સીઓની બોટ આવી રહી હોવાનું માછીમારોએ જણાવ્યું હતું. ત્યાર બાદ સંપર્ક કપાઈ ગયા હતા.

અરવલ્લી જિલામાં મહાત્મા ગાંધી નરેગા યોજનાના સહયોગ અને સંકલન દ્વારા રમત ગમતના મેદાનનું લોકાર્પણ

બાયડ તા.૨૯

અરવલ્લી જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મહાત્મા ગાંધી નરેગા યોજનાના સહયોગ અને સંકલન દ્વારા મોડાસા તાલુકાના ઉમેદપુર (દધાલીયા) ખાતે રમત ગમતના મેદાનનું લોકાર્પણ સાબરકાંઠા-અરવલ્લીના સંસદ સભ્યશ્રી દિપસિંહ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું.

અરવલ્લીની ગિરિમાળાઓમાં આવેલું પશુપાલકોનું અને ખેડૂતોની આસ્થાનું કેન્દ્ર પૌરાણિક સ્વયંભૂ શ્રી ખંન્ડુંજી મહાદેવ મંદિરની બાજુમાં ઉમેદપુર ગામે રમતવીરો માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મહાત્મા ગાંધી નરેગા યોજનાના સહયોગથી શ્રમિકોને રોજગારી આપવા તથા બાળકો રમત ગમત ક્ષેત્રે આગળ જાય અને બાળકોના શરીરની તંદુરસ્તી જળવાય તે માટે ઉમેદપુર ગામે ક્રિકેટનું મેદાન, વોલીબોલનું મેંદાન, કબડ્ડીનું મેંદાન લોબા કુદ્કાનું મેંદાન અને દોડ માટેનો રનીંગ ટ્રેક વિગેરોનો સમાવેશ કરી ગામમાં સુવિધા ઉભી કરવામાં આવી છે.

સંસદ સભ્યશ્રી તથા મહાનુભાવોના હસ્તે મેદાનની બહાર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા ગ્રામ વિકાસ નિયામક શ્રી દાવેરા, જીલ્લા આયોજન અધિકારીશ્રી સુરેન્દ્રસિંહ ડાભી, જિલ્લા ભાજપા અગ્રણીશ્રી રાજુભાઈ પટેલ, સરપંચશ્રી ચીમનભાઈ પટેલ ગ્રામ જનો અને રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.